તાપમાન
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૩૬ ટકા ● સાંજે ૧૭ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૪૭ ૨૮ એપ્રિલ, ૨૦૧૬, ગુરૂવાર ; ચૈત્ર વદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઓગસ્ટા વેસ્ટલેન્ડ મુદ્દે સંસદમાં હોબાળો

**સુબ્રમણ્યમ સ્વામીએ સોનિયા ગાંધીનું નામ લેતા કોંગ્રેસીઓ લાલઘૂમ : ભાજપ અને કોંગ્રેસના સભ્યોની વચ્ચે આક્ષેપબાજી : સોનિયા ગાંધી સોદામાં લાભ મેળવનાર તરીકે છે : સ્વામીનો આક્ષેપ**



નવી દિલ્હી,તા. ૨૭

યુપીએ સરકારના ગાળામાં થયેલી ઓગષ્ટા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર સોદાબાજી મામલે આજે ધારણા પ્રમાણે જ સંસદમાં ભારે હોબાળો થયો હતો.રાજ્યસભામાં ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીનું નામ લીધા બાદ ભાજપ અને કોંગ્રેસના સભ્યો વચ્ચે જોરદાર આક્ષેપબાજીનો દોર ચાલ્યો હતો અને સંસદમાં ભારે હોબાળો થયો હતો. કોંગ્રેસના સભ્યો ધાંધલ ધમાલ કરીને ગૃહની વચ્ચોવચ પહોંચી ગયા હતા. ગૃહની કામગીરી વારંવાર મોકૂફ કરવાની ફરજ પડી હતી. જો કે, નાયબ અધ્યક્ષ પીજે કુરિયને મોડેથી કાર્યવાહીમાંથી કોંગ્રેસ પ્રમુખનું નામ કાઢી નાખ્યું હતું. સુબ્રમણ્યમ સ્વામીએ નિયમ ૨૬૭ હેઠળ આપવામાં આવેલી એક નોટિસ હેઠળ ઓગસ્ટ વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર સોદાબાજી મામલે જોરદાર રજૂઆત કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે, ઈટાલીની ઉચ્ચ કોર્ટમાં એક પત્ર મારફતે આ સોદામાં મધ્યસ્થી ક્રિશ્ચિયન મિશેલનું કહેવું છે કે, સોનિયા ગાંધી આ સોદાબાજીના મુખ્ય લાભાર્થી તરીકે છે. કોંગ્રેસ અને ભાજપના સભ્યો આમને સામને દેખાયા હતા. ભાજપ સરકાર તરફથી પ્રધાનોએ કહ્યું હતું કે, ઈટાલીની સરકાર અને કેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર

## મહારાષ્ટ્રમાં પહેલી મે બાદ કોઇ જ મેચો નહીં : સુપ્રીમ

નવી દિલ્હી,તા. ૨૭

મહારાષ્ટ્રમાં પાણીની કટોકટી બાદ મહારાષ્ટ્રમાં આઈપીએલની કોઈ મેચો યોજાઈ શકે છે કેમ તેને લઈને ચાલી રહેલી અટકળોનો હવે અંત આવી ગયો છે. સુપ્રીમ કોર્ટે આજે મુંબઈ હાઈકોર્ટના ચુકાદા સામે મુંબઈ ક્રિકેટ એસોસિએશનની અરજીને ફગાવી દીધી હતી. રાજ્યની બહાર મેચોને ખસેડવાના હાઈકોર્ટના આદેશ સામે આ અરજી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ પહેલી મે બાદ મહારાષ્ટ્રમાં કોઈપણ મેચ યોજવામાં આવશે નહીં. દુષ્કાળના અનુસંધાનમાં આ મેચો ખસેડવામાં આવી છે જેથી આમા કોઈ દલીલબાજી ચાલશે નહીં.

## ડોલરની સામે રૂપિયો ૬૬.૪૬ની સપાટીએ

નવી દિલ્હી,તા. ૨૭

ડોલર સામે રૂપિયામાં આજે સુધારો રહ્યો હતો. કારોબારના અંતે રૂપિયો ૦૭ પૈસા સુધરીને ૬૬.૪૬ની સપાટીએ રહ્યો હતો. બપોરના કારોબારમાં ડોલર સામે રૂપિયો ૬૬.૫૯ અને ૬૬.૪૦ની રેંજમાં રહ્યો હતો. રૂપિયો અન્ય ચલણની સામે પણ ઉતારચઢાવની સ્થિતિમાં રહ્યો હતો. ગઈકાલે રૂપિયો ૧૦ પૈસા મજબૂત થઈને ૬૬.૫૨ની સપાટીએ રહ્યો હતો. અમેરિકી ડોલરનું વેચાણ બેંકો અને નિકાસકારો દ્વારા કરવામાં આવ્યું હતું. સ્થાનિક શેરબજારમાં પણ તેજી જોવા મળી છે. ડોલર સામે રૂપિયો હાલમાં સુધરી રહ્યો છે.

## દાઉદના ઘરેથી રોજ ભારતમાં ફોન જોડવામાં આવે છે

**ભારતના નેતાઓની સાથે વાતો થાય છે : દાઉદના લેન્ડલાઇન ફોનના બિલ લીક થતા ભારે સનસનાટી યાદીમાં રાજકીય નેતાઓ સહિત અનેક હાઇ પ્રોફાઇલ લોકોના નામ સામેલ હોવાનો ઘટસ્ફોટ**



નવી દિલ્હી,તા. ૨૭

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના કરાચી સ્થિત આવાસ પર રહેલા લેન્ડલાઈન ફોનના બિલથી હવે કેટલાક ચોંકાવનારા ખુલાસા થયા છે. આના કારણે આગામી દિવસોમાં જોરદાર ગરમી રહે તેવી શક્યતા છે. હેરાન કરનાર બાબત એ છે કે દાઉદના ઘરથી ભારતમાં રોજ ફોન લગાવવામાં આવે છે. આ યાદીમાં કેટલાક રાજનેતાઓ સહિત કેટલાક હાઈ પ્રોફાઈલ લોકોના નામ સામેલ છે. એક અંગ્રેજી મેગેઝિન અને સમાચાર સંસ્થાના અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાનમાં દાઉદના ડી-૧૩ બ્લોક ૪, સેક્ટર ૫, ડેવલપમેન્ટ ઓથોરિટી, ક્લિફટન, કરાચી સ્થિત આવાસ પર ચાર લેન્ડ લાઈન ફોન છે. ચાર નંબર લાગેલા છે. જે દાઉદની પત્નિ માહજબી શેખના નામ પર નોંધવામાં આવેલા છે.

# ઉત્તરાખંડમાં ફ્લોર ટેસ્ટ સામે મનાઈ

**રાષ્ટ્રપતિ શાસન હજુ યથાવત જ :ઉત્તરાખંડ કટોકટી વચ્ચે કેન્દ્ર સરકારને મોટી રાહત : ત્રીજી મેના દિવસે કેસમાં વધુ સુનાવણી : સુપ્રીમ કોર્ટના ચુકાદાને સ્વીકારવાની હરિશ રાવતની જાહેરાત : કેન્દ્રને પણ સાત પ્રશ્નોના જવાબ આપવા આદેશ**

નવી દિલ્હી,તા. ૨૭

કેન્દ્ર સરકારને ઉત્તરાખંડ મડાગાંઠ વચ્ચે આજે મોટી રાહત થઈ હતી. કારણ કે સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસનને યથાવતરીતે જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે. સાથે સાથે રાજ્ય વિધાનસભામાં નિર્ધારિત કાર્યક્રમ મુજબ ૨૯મી એપ્રિલના દિવસે યોજાનાર ફ્લોર ટેસ્ટ ઉપર સ્ટે મુકી દીધો છે. આ મામલામાં આગામી સુનાવણી સુધી ફ્લોર ટેસ્ટ ઉપર પ્રતિબંધ રહેશે.

સુપ્રીમે પોતાના ચુકાદામાં આ કેસ અંગે આગામી સુનાવણીની તારીખ ૩જી મે નક્કી કરી છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું છે કે, ઉત્તરાખંડ રાષ્ટ્રપતિ શાસન હેઠળ યથાવતરીતે રહેશે. સુપ્રીમ કોર્ટના તારણો બાદ પૂર્વ મુખ્યમંત્રી હરિશ રાવતે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે એક તારીખ નક્કી કરી છે જેથી અમે સુપ્રીમના નિર્ણયને સ્વીકારીએ છીએ. અગાઉ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર માટે સાત પ્રશ્નો તૈયાર કર્યા હતા. ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના સંદર્ભમાં કેન્દ્ર માટે આ સાત પ્રશ્નો તૈયાર કરાયા હતા.

ઉત્તરાખંડના ચુકાદાને પડકાર ફેંકતી કેન્દ્ર સરકારની અરજી ઉપર સુનાવણી ચલાવતી વેળા સુપ્રીમે કહ્યું હતું કે. ચીફ સેક્રેટરીને વર્તમાન કેસ સાથે કોઈ લેવા દેવા નથી.

કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે, રાજ્યપાલ કલમ ૧૭૫ હેઠળ વર્તમાન રીતે કોઈ સંદેશો મોકલી શકે છે કે કેમ. ઉત્તરાખંડ મામલામાં સુપ્રીમ કોર્ટે સાત પ્રશ્નો પુછીને કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. હાઈકોર્ટના ચુકાદાની સામે કેન્દ્ર સરકાર તરફથી અરજી કરવામાં આવી હતી. મંગળવારના દિવસે કોંગ્રેસે રાજ્યસભામાં ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાને લઈને હોબાળો મચાવ્યો હતો. અગાઉ ૨૨મી એપ્રિલના દિવસે સુનાવણી ચલાવતી વેળા સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન દૂર કરવાના હાઈકોર્ટના ચુકાદા ઉપર ૨૭મી એપ્રિલ સુધી સ્ટે મુકી દીધો હતો. ઉત્તરાખંડમાં ગંભીર રાજકીય કટોકટી હાલમાં ઉભી થયેલી છે.



એર-શૉ - આવતીકાલથી રિવરફ્રન્ટ ખાતે આરંભાતા એર-શૉનું રિહર્લસલ બુધવારે સાંજે યોજાયું હતું... રિહર્લસલ નિહાળવા રાહદારીઓ અને વાહનચાલકો ઠેરઠેર ઉભા રહી ગયા હતા... એર-શૉ નિહાળવાનું આકર્ષણ હજુ યથાવત છે...

## કઠોળના ભાવમાં ૧૦ટકા સુધી વધારાની શક્યતા

**હાલ ભાવ વધશે પરંતુ ટૂંકમાં ભાવ સ્થિર થશે : હોલસેલ અને રિટેલ કિંમતોમાં વધારો થઇ શકે : મધ્યમ વર્ગના લોકોને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે**

અમદાવાદ,તા. ૨૭

મધ્યમ વર્ગના લોકોને વર્ષ ૨૦૧૫ની જેમ જ આ વર્ષે પણ રસોડાના બજેટને જાળવી રાખવાની બાબત મુશ્કેલરુપ બની શકે છે. કારણ કે, આ વર્ષે પણ જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ વધારે રહી શકે છે. જો કે, સારા સમાચાર એ છે કે, કઠોળની કિંમતો આગામી પખવાડિયા બાદથી સ્થિર બની શકે છે. એમ માનવામાં આવે છે કે, અમદાવાદ શહેરમાં અનાજના હોલસેલના ભાવમાં પણ સ્થિરતા આવી શકે છે.

ગયા વર્ષે ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા હતા. રિટેલ માર્કેટના કારોબારીઓ કઠોળની કિંમતમાં ૧૦ ટકાના વધારાની અપેક્ષા રાખી રહ્યા છે. આગામી પખવાડિયામાં આ કિંતમમાં વધારો થઈ શકે છે. અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારોમાં ભાવ પણ કારોબારીઓ જુદા જુદા મેળવે છે. દેશભરમાં કઠોળના ઉત્પાદનમાં ઉલ્લેખનીય વધારો થયો છે જેથી એવી આશા છે કે, કઠોળની કિંમતો ઉપર કાબૂ રહી શકે છે. જાન્યુઆરી બાદથી લોકપ્રિય દાળની કિંમતો રિટેલ અને હોલસેલ માર્કેટમાં ૧૫થી ૨૦ટકા સુધી વધી ગઈ છે.

ગયા વર્ષે ઓકટોબર મહિનામાં ભાવમાં તીવ્ર વધારો થઈ ગયા બાદ વર્ષ ૨૦૧૫ના અંત સુધી તેમાં ઘટાડો થયો હતો. જો કે, આ વર્ષે જાન્યુઆરી બાદથી કિંમતોમાં ફરી વધારો થયો હતો. કારણ કે માર્કેટમાં પુરવઠો માંગ કરતા ઓછો રહ્યો હતો. હકીકતમાં તુવેર અને અડદના ઉત્પાદનમાં ક્રમશઃ વર્ષ ૨૦૧૫-૧૬માં ૨.૫ મિલિયન ટન અને ૧.૭ મિલિયન ટનનો ઘટાડો રહી શકે છે. ૨૦૧૪-૧૫ની સરખામણીમાં આમા ઘટાડો રહેશે.

## બિન ઉન્નત વર્ગ નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર ત્રણ વર્ષ માન્ય હશે

**વિદ્યાર્થી-વાલી તરફથી રજૂઆત બાદ નિર્ણય : સામાજિક-શૈક્ષણિક રીતે પછાત વર્ગ, બક્ષીપંચ જાતિઓ માટે પ્રમાણપત્ર હોય છે : ત્રણ લાખની વસતીને ફાયદો**

અમદાવાદ, તા.૨૭

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે રાજયના સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગો બક્ષીપંચ જાતિઓને અનામતના લાભો મેળવવા માટેના બિન ઉન્નત વર્ગ પ્રમાણપત્ર નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ હવેથી ત્રણ વર્ષ માટે માન્ય રાખવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણયનો અમલ તા. ૧ એપ્રિલ-૨૦૧૬થી લાગુ પાડવાની સુચના પણ તેમણે આપી છે. આવું પ્રમાણપત્ર જે નાણાકીય વર્ષમાં મેળવ્યું હોય તે સહિત ત્રણ નાણાકીય વર્ષ સુધી માન્ય રહેશે. આનંદીબેને બક્ષીપંચ જાતિઓના ઉચ્ચ અભ્યાસ પ્રવેશ વાંચ્છુ વિદ્યાર્થીઓ અને નોકરીઓની ભરતી માટેના ઉમેદવારો યુવાનોને અનુભવવી પડતી આ પ્રમાણપત્રની સમયાવધિ સમસ્યા નિવારવાના હેતુથી પ્રમાણપત્રોના સરળીકરણ માટે આ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજય સરકારના આ નિર્ણયને પરિણામે અન્ય પછાત વર્ગો

● અનુસંધાન પાન-૭ પર

હાર્દિક અભિનંદન



શ્રી જયરાજસિંહ વાઘેલા
કોર્પોરેટર, ગાંધીનગર મહાનગરપાલિકા

આપ અને આપની પેનલને
ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નં. ૭માં
જ્વલંત વિજય થવા બદલ
શુભેચ્છા સહ અભિનંદન...

અંતરના અભિલાષીઓ...
રવિ ગોસ્વામી (પુરી)
ધવલ ઠાકર (પરશુરામ ટ્રાન્સવેઝ)
તેજપાલસિંહ રાણા
પવન રાણા

જાહેર આભાર

અમારા મતદાર ભાઈઓ તેમજ બહેનો,
સંનિષ્ઠ કાર્યકરો અને પાર્ટીના વડીલ આગેવાનો તેમજ
સ્નેહીજનોએ ચૂંટણી દરમિયાન પોતાની શક્તિ નિષ્ઠા,
વફાદારી અને મહેનતથી કામગીરી કરી છે તે બદલ
અમે બધાનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ...



ઉર્મિલાબેન વર્મા | હિરલબેન જોષી | જયરાજસિંહ વાઘેલા | રાકેશ પટેલ
મહાનગરપાલિકા વોર્ડ નં.૭ના કોંગ્રેસના ઉમેદવારો

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

ગાંધીનગરમાં
ફળોના રાજા કેરી
ભરોસાપાત્ર એક જ સ્થળ
રત્નાગીરી હાફુસ ઓરીજીનલ, તથા જુનાગઢ-કચ્છની કેસર કેરી માટે મળો.
રહીમ ચાચા
પૂજા પાર્લરની બાજુમાં, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
ખાસ નોંધ : દર સોમવારે પણ અમારી દુકાન ચાલુ રહેશે.